**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : વિરલ રાણા**

**ડીઇઓ : પ્રદીપ ચાવડા**

**તારીખ : 03-07-2024** **સમય : સાંજે 6.25 વાગ્યે**

-----------------------------------------------

## વરસાદ-રાજ્ય

ગુજરાતમાં ચોમાસું જામ્યું છે. ખાસ કરીને દક્ષિણ અને ઉત્તર ગુજરાતના મોટાભાગના જિલ્લાઓમાં વરસાદને પગલે ડેમ, નદી નાળા છલકાઈ ગયા છે. અત્યાર સુધીમાં રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૧૯.૫૬ ટકા નોંધાયો છે. રાજ્યના સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા આંકડાઓ અનુસાર આજે છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના ૮૮ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ વરસ્યો છે. જેમાં ૦૭ તાલુકાઓમાં ૩ ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે.

**RNU અમદાવાદ**

-----------------------------------------------

## રાજ્ય જળસંપત્તિ મંત્રી

રાજ્યમાં સાર્વત્રિક વરસાદની પરિસ્થિતિને જોતા જળ સંપત્તિ મંત્રી કુંવરજી બાવળીયાએ ગાંધીનગર ખાતે રાજ્ય પાણી આંકડા કેન્દ્રની

મુલાકાત લીધી હતી અને ઉપસ્થિત અધિકારીઓ સાથે સ્થિતિની સમીક્ષા કરી હતી. તેમણે રાજકોટ,મોરબી,ભાવનગર ઝોનમાં હોટલાઇન પર સ્થાનિક અધિકારીઓ સાથે વાત કરી વરસાદ જળાશયોની વિગતો મેળવીને જરૂરી સૂચનાઓ આપી હતી.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## મંત્રી મંડળની બેઠક-શિક્ષક ભરતી

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે મંત્રી મંડળની બેઠક મળી હતી. જેમાં શિક્ષણલક્ષી મહત્ત્વ પૂર્ણ નિર્ણય લેવાયો હતો. રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓ, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તેમજ અનુદાનીત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યિમક શાળાઓમાં આચાર્ય તેમજ શિક્ષકની અંદાજીત 24,700 જેટલી જગ્યાઓ પર આગામી સમયમાં ભરતી કરવામાં આવશે.

**DD NEWS**

---------------------------------------------------------------------

## પુસ્તક વિમોચન-મુખ્યમંત્રી

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે 'Ahmedabad Rathyatra - A Journey of Miracles' પુસ્તકનું ગાંધીનગર ખાતે વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, અમદાવાદ જગન્નાથ

મંદિરના મહંત દિલીપદાસ મહારાજ, અસારવા બેઠકના ગોસ્વામી મધુસુદનલાલ મહારાજ તથા અન્ય અગ્રણીઓ ઉપસ્થિતિ રહ્યા હતા.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## ભુજ નગરપાલિકા હેલ્પલાઇન

હવામાન વિભાગે કચ્છ-સૌરાષ્ટ્ર સહિત ગુજરાતના આઠ જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી કરી છે. અતિભારે વરસાદની સંભાવનાને ધ્યાને લઈ વરસાદ સમયે ભુજવાસીઓની મદદ માટે ભુજ નગરપાલિકાનો હેલ્પલાઈન નંબર ૯૯૦૯૦ ૩૯૭૫૦ નો સંપર્ક કરી શકશે. ભુજ નગરપાલિકાની ટીમ અને નગર સેવક કેન્ટ્રોલ રૂમની વ્યવસ્થા ઊભી કરી સતત મોનીટરીંગ દ્વારા માર્ગદર્શન આપી રહ્યા છે તેવું નગરપાલિકાની યાદીમાં જણાવાયુ છે.

**N.P. /** વિરલ રાણા

---------------------------------------------------------------------

## ભૂકંપનો આંચકો

ભચાઉ તાલુકાના નેર નજીક ભૂકંપનો આંચકો નોંધાયો હતો. સવારે સાત વાગ્યાના અરસામાં ૩ની તીવ્રતાના આંચકાથી ધરા ધ્રુજી ઉઠી હતી. ગાંધીનગર સ્થિત ઈન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ સેન્ટર ખાતે ભૂકંપનું કેન્દ્ર બિંદુ દુધઈથી ૧૫ કિલોમીટર દૂર નેર નજીક

નોંધાયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, કચ્છમાં ભૂકંપની અનેક સક્રિય ફોલ્ટલાઈન આપેલી છે. જિલ્લામાં અવાર-નવાર ભૂકંપના નાના- મોટા આંચકા આવતા રહે છે.

**N.P. /** વિરલ રાણા

---------------------------------------------------------------------------

## માર્ગ અકસ્માત

ભુજ તાલુકાના સુખપર ખાતે આજે સવારે સર્જાયેલ એક માર્ગ અકસ્માતમાં દાદી-પૌત્રના મૃત્યુ થયા હતા. એક્ટિવા પર સવાર મહિલાએ સ્પીડબ્રેકર પરથી કાબૂ ગુમાવતા તે દરમિયાન પાછળથી આવેલ ટ્રકના ટાયર ફરી વળતા આધેડ મહિલા તેમજ એક વર્ષના બાળકનું અકસ્માતમાં પટકાવાથી મોત નિપજ્યું હતું. આ હતભાગીઓ માનકૂવાના રહેવાસી હતા. પોલીસે આ ઘટનાની વધુ તપાસ હાથ ધરી છે.

**N.P. /** વિરલ રાણા

---------------------------------------------------------------------------

## જિલ્લા વિદ્યા સમીક્ષા

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આધારિત ડેટા એનાલિસીસ દ્વારા જિલ્લા અને બ્લોક સ્તરની શાળાઓની ઓનલાઇન હાજરી, મોનીટરીંગ કરવાના હેતુથી સરકાર દ્વારા જિલ્લા વિદ્યા સમીક્ષા કેન્દ્રની સ્થાપના

કરાઇ છે ત્યારે ભુજ ખાતે એસ.એસ.એ. કચેરી દ્વારા પ્રેરિત ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ-ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં જિલ્લા વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખુલ્લું મુકાયું હતું.

**N.P. / વિરલ રાણા**

---

## ભુજ તાલુકા પંચાયત સામાન્ય સભા

ભુજ તાલુકા પંચાયતના સભાખંડ ખાતે પ્રમુખ અને ટીડીઓના અધ્યક્ષ સ્થાને મળેલી સામાન્ય સભામાં પ્રારંભે ગત બેઠકની કાર્યવાહીનું વાંચન કરી બહાલી અપાઈ હતી. ગત બેઠકમાં લેવાયેલા ઠરાવોની અમલવારી અંગે પરામર્શ કરાયો હતો. ગત સામાન્ય સભા બાદ થયેલ માસિક આવક અને ખર્ચ, સ્ટેમ્પ ડયુટી ગ્રાન્ટના કામોના આયોજન, ૧૫ મા નાણાપંચના તાલુકા કક્ષાના કામો અંગે પણ વિચારણા કરાઈ હતી.

**N.P. / વિરલ રાણા**

---

## રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કાર- અરજી

કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કાર 2024 માટે માન્ય શિક્ષકો પાસેથી અરજીઓ મંગાવી છે.

અરજી સ્વીકારવાની અંતિમ તારીખ 15 જુલાઈ છે. મંત્રાલયે જણાવ્યું છે કે, આ વર્ષે જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે ત્રણ તબક્કાની પસંદગી પ્રક્રિયા દ્વારા કુલ 50 શિક્ષકોની પસંદગી કરવામાં આવશે.

નવી દિલ્હીમાં પાંચ સપ્ટેમ્બરે શિક્ષક દિવસનાં રોજ રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુના હસ્તે પુરસ્કાર એનાયત કરવામાં આવશે. પાત્રતા ધરાવતા શિક્ષકો શિક્ષણ મંત્રાલયના પોર્ટલ પર www.nationalawardstoteacherseducation.gov.in પર પોતાની અરજીઓ મોકલી શકે છે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------